## અનુદાન મેળવતી સંસ્થાઓના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને અસાધારણ રજા

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : ડીપીપી-1099-496-946(5)-સી,
સચિવાલય, ગાંધીનગર, તા. 19-6-2000

વંચાણે લીધા : (1) સુધારેલ પેન્શનના નિયમો, 1950નો નિયમ-41(1)
(2) નાણાં વિભાગ ઠરાવક્રમાંક : પીઈએન-1066-યુઓ-2631-જે, તા. 30-4-'70.
(3) નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : એનવીએન-1078-2715-પી, તા. 28-11-'78.

પરિપત્ર :

સુધારેલ પેન્શનના નિયમોના નિયમ-41(1)માં જોગવાઈ કર્યા પ્રમાણે તા. 1-4-'66 અને ત્યાર પછી નિવૃત્ત થતા કર્મચારીઓની પેન્શનપાત્ર નોકરીમાં છત્રીસ માસ સુધીની અસાધારણ રજા સહિતની બધી જ રજાઓનો સમાવેશ થાય છે. અસાધારણ રજાને પેન્શનપાત્ર નોકરી તરીકે ગણવાના આ લાભના આધારે, આ લાભ સરકારની નાણાંકીય આવર્તક જવાબદારીમાં પરિણમતો હોઈ સરકારે આ લાભ ફક્ત અનિવાર્ય સંજોગોમાં જ આપવામાં આવે તે માટે ઉપરોક્ત વંચાણમાં લીધેલા તા. 30-4-'70ના ઠરાવથી અને તા. 28-11-'78ના પરિપત્ર દ્વારા એવી જોગવાઈ કરી છે કે દરેક કર્મચારીના કિસ્સામાં એકી સાથે નવ માસથી વધારે સમયગાળાને આવરી લેતી અસાધારણ રજા મંજૂર કરવાની સત્તા જે-તે કર્મચારીના નિમણૂકકર્તા સત્તાધિકારીના હસ્તક નહિ પરંતુ સરકારના નાણાં વિભાગને હસ્તક રહે છે.

2. સરકારી કર્મચારીઓને પેન્શન બાબતની લાગુ પડતી જોગવાઈઓ અનુદાન મેળવતી માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, કૉલેજ, યુનિવર્સિટીઓ વગેરેના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવામાં આવી છે. આ સંજોગોમાં ઉપર ફકરા-1માં દર્શાવ્યા પ્રમાણે સરકારી અધિકારીઓ, કર્મચારીઓની સળંગ નવ માસથી વધુ સમયની અસાધારણ રજાઓ મંજૂર કરવાની સત્તા ફક્ત નાણાં વિભાગ હસ્તક હોઈ, શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અનુદાન મેળવતી શૈક્ષણિક, બિનશૈક્ષણિક સંસ્થાઓ, ઉપરાંત સરકારશ્રીના અન્ય વિભાગો હસ્તકની તમામ અનુદાન મેળવતી સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓ કે જેઓ સરકારમાંથી પેન્શન મેળવવાપાત્ર છે અને તેઓની નવ માસ કે તેથી વધારે સમયની અસાધારણ રજાઓ મંજૂર કરવાની દરખાસ્તો માટે નાણાં વિભાગની મંજૂરી મેળવવી અનિવાર્ય છે. તેમ છતાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે, અનુદાનિત સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓની અસાધારણ રજાઓની મંજૂરી માટે વહીવટી વિભાગની કે નાણાં વિભાગની મંજૂરી મેળવવામાં આવતી નથી. આ બાબત ઘણી ગંભીર ગણાય.

આથી સરકારશ્રી કાળજીપૂર્વકની વિચારણાને અંતે એવું ઠરાવે છે કે સરકારી અનુદાન મેળવતી સરકારશ્રીના જુદા જુદા વિભાગો હસ્તકની અનુદાન મેળવતી સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓની નવ માસ કે તેથી વધુ સમયની અસાધારણ રજાઓ મંજૂર કરવાની દરખાસ્તો સંબંધકર્તા સંસ્થાઓ દ્વારા મેળવીને વહીવટી વિભાગ મારફતે નાણાં વિભાગની મંજૂરી માટે મોકલવામાં આવે.

3. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકે જે કર્મચારીઓના કિસ્સાઓમાં નવ માસ કરતાં વધુ સમય માટે સરકારના જે-તે વહીવટી વિભાગની મંજૂરી મેળવવામાં ન આવી હોય તેવા કિસ્સાઓમાં મંજૂરી મેળવવામાં ન આવેલ નવ માસ કરતાં વધારે સમયનો સમયગાળો પેન્શનપાત્ર નોકરીમાંથી કપાત કરી બાકી રહેતી પેન્શનપાત્ર નોકરીના આધારે નિવૃત્તિના લાભો મંજૂર કરવાના રહેશે.

4. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તેની સંપૂર્ણ તકેદારી રાખવા તથા આ સૂચનાઓ તમામ સંસ્થાઓના ધ્યાને લાવવા સર્વે વહીવટી વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

સહી, શામજી પટેલ
સરકારના સંયુક્ત સચિવ, નાણાં વિભાગ